Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# નોટિસ

અનુસ્નાતક શિક્ષણ મંડળની સભા મંગળવાર તા.૨૫–૦૧–૨૦૨૨ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ઓનલાઈન/ ઓફલાઈન Social Distancing નું પાલન થાય તે રીતે યુનિવર્સિટી કાર્યાલયના રૂમ નં. ૨૦૫ મળશે, જેમાં હાજર રહેવાની અનુકુળતા કરવા વિનંતી.

## :: કાર્યસૂચિ ::

(૧) અનુસ્નાતક શિક્ષણ મંડળ (Board of University Teaching) ની તા.૨૯–૧૨–૨૦૨૧ની કાર્યવાહીને બહાલી આપવા અંગે.

(અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૨૯–૧૨–૨૦૨૧ની કાર્યવાહી સભ્યશ્રીઓને તા.૨૯–૧૨–૨૦૨૧ના રોજ પરિપત્રીત કરી છે.)

(૨) **ભગવાન મહાવીર કોલેજ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી,સુરતની** M.Sc. Biotechnology (Integrated) અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટેના ચાલુ જોડાણની અરજી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૦૯) અન્વયે માન.કુલપતિશ્રી નિયુકત સ્થાનિક તપાસ સમિતિ દ્વારા સિન્ડિકેટની તા.૨૭–૦૫–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૩) અન્વયે ઓનલાઈન મોડથી તા.૩૧–૧૨–૨૦૨૧ ના રોજ LIC નું આયોજન કરી નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે M.Sc. Biotechnology (Integrated) અભ્યાસક્રમનું **ત્રીજા અને ત્યારબાદના વર્ષનું ચાલુ જોડાણ મંજૂર** કરવા કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત....

**શરતો : –**

(૧) કાયમી આચાર્યની નિમણૂંક કરવી.
(૨) યુનિવર્સિટી ઓર્ડિનન્સ 69-A અને69-B પાલન કરવું.
(૩) આસિસ્ટન્ટ પ્રોફેસરની નિમણૂક કરવી.
(૪) નવા પુસ્તકોની ખરીદી કરવી.
(૫) ફીઝીકલ ઈન્સ્ટ્રકટરની નિમણૂક કરવી.

**ભલામણ :–**

અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર ડિગ્રી પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી નીચેના સમયગાળા માટે ચાલુ જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

**સમયગાળો :–૨૦૨૧–૨૦૨૨** (1 year)

**(બિડાણ : ૦૧)**
**(જોડાણ )**

(૩) **સાયન્સ** ફેકલ્ટીનાં **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા જે. એન. એમ. પટેલ સાયન્સ કોલેજ, સુરત ના આસિ. પ્રોફેસરશ્રી **ડૉ. સોની હેતલબેન ઈશ્વરલાલ** ને પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(૧) ડૉ. પ્રણવ અસે. શ્રીવાસ્તવ, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી , સ્કુલ ઓફ સાયન્સ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનો અહેવાલ હકારાત્મક છે.

(૨) ડૉ.એચ.એસ.જોષી, પ્રોફેસર એન્ડ હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ નો અહેવાલ હકારાત્મક છે.

**(અનુસ્નાતક વિભાગ)**

(૪) **સાયન્સ** ફેકલ્ટીનાં **માઈક્રોબાયોલોજી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા સરકારી વિજ્ઞાન કોલેજ, સુરત ના આસિ. પ્રોફેસરશ્રી **ડૉ. અનિલકુમાર સિંઘ** ને પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(૧) પ્રો. ડૉ. મોનિકા જૈન, પ્રોફેસર એન્ડ હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ લાઈફ સાયન્સ, એમ.આર.એસ. કોલેજ ઓફ પ્રોફેશનલ સાયન્સ,ઈન્દોરનો અહેવાલ હકારાત્મક છે.

(૨) ડૉ.સુનીતા સિંઘ,એસો.પ્રોફેસર,હેડ,સ્કુલ ઓફ બાયોટેકનોલોજી એન્ડ બાયોઈન્ફોર્મેટિકસ,ડી.વાય. પાટીલ યુનિવર્સિટી, મુબંઈનો અહેવાલ હકારાત્મક છે.

**(અનુસ્નાતક વિભાગ)**

(૫) **કોમપ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોમેશન ટેકનોલોજી** ફેકલ્ટીનાં **કોમપ્યુટર સાયન્સ** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા વિવેકાનંદ કોલેજ ફોર બી.સી.એ.,જહાંગીરપુરા,સુરત ના આસિ. પ્રોફેસરશ્રી **ડૉ.અમી શૈલેષભાઈ દેસાઈ** ને પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(૧) ડૉ.પ્રીતિ શ્રીનિવાસ સજ્જા, પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ,સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિદ્યાનગરનો અહેવાલ હકારાત્મક છે.

(૨) ડૉ.મેઘના પટેલ, એએમપીઆઈસીએસ, ગણપત યુનિવર્સિટી,ખેરવા નો અહેવાલ હકારાત્મક છે.

**(અનુસ્નાતક વિભાગ)**

(૬) **અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

**ક્રમાંક : એસ/બીયુટી/કાર્યસૂચિ/૯૭૭/૨૦૨૨**
**તા.૨૦–૦૧–૨૦૨૨**

**ઈ.ચા.કુલસચિવ**

**પ્રતિ,**
**અનુસ્નાતક શિક્ષણ મંડળના સર્વે સભ્યશ્રીઓ...**